### મહુવાની શાળામાં અસામાજિક તત્વનો આતંક

# ‘હું મહુવાનો ડોન છું’ કહી શિક્ષક પર હુમલો

## NCC પરેડના નાસ્તા મુદ્દે MN હાઈસ્કૂલમાં ધમાલ; પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી

ભાવનગર,તા.૨૬

ભાવનગર જિલ્લાના મહુવાની જાણીતી એમ.એન. હાઈસ્કુલમાં શાળા સમય દરમિયાન એક અસામાજિક તત્વે ઘૂસીને ભારે હોબાળો મચાવ્યો હતો. એન.સી.સી. પરેડ બાદ વિદ્યાર્થીઓને અપાતા નાસ્તા મુદ્દે શરૂ થયેલા વિવાદમાં ઈસમે શાળાના શિક્ષક પર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ઘટનાની વિગત મુજબ, ૨૪ સપ્ટેમ્બરના રોજ શાળાના ગ્રાઉન્ડમાં NCC પરેડ બાદ નાસ્તો વહેંચાતો હતો. ત્યારે હબીબવાલજી સોસાયટીનો મોનીસ ઉર્ફે ચીકુ મનસુરભાઇ હસનાણી ગેરહાજર વિદ્યાર્થીના નામે બળજબરીથી નાસ્તો માગવા લાગ્યો હતો. વિદ્યાર્થીઓએ ના પાડતા તેણે બખેડો ઊભો કર્યો હતો.

સુપરવાઈઝર શિક્ષક ધીરુભાઈ ખસીયા તેને સમજાવવા જતાં, ચીકુએ શિક્ષકનો કોલર પકડી ઝપાઝપી કરી ધોલધપાટ કરી હતી. વચ્ચે પડેલા અન્ય શિક્ષકો સામે તેણે "હું મહુવાનો ડોન છું" કહી શાળા બહાર નીકળશે તો જીવથી મારી નાખવાની ધમકી આપી હતી. શાળાના આચાર્ય નેમીષભાઈ ગજ્જરે ફરિયાદ નોંધાવતા મહુવા ટાઉન પોલીસે BNS ની કલમ ૧૧૫(૨), ૩૫૨ અને ૩૫૧(૩) હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પિતૃઋણ અદા કરવા શ્રાદ્ધપક્ષનો પ્રારંભ

ભાવનગર,તા.૨૬

ગજાનન ગણનાયકની આરાધનાના મહાપર્વ ગણેશોત્સવના ભાવસભર સમાપન બાદ, આજથી ભાવનગર સહિત સમગ્ર ગોહિલવાડમાં પિતૃઓ પ્રત્યે આદરભાવ અને કૃતજ્ઞતા વ્યક્ત કરવાના પવિત્ર શ્રાદ્ધપક્ષનો વિધિવત પ્રારંભ થયો છે. પિતૃઓના ઋણમાંથી મુક્ત થવાના આ મહાપર્વમાં આગામી ૧૫ દિવસ સુધી નગરજનો ધર્મકાર્ય અને દાનપુણ્યમાં લીન બનશે.

શ્રાદ્ધપક્ષની શરૂઆત ભાદરવા વદ એકમથી થાય છે. જોકે, પૂનમ અને અમાસના શ્રાદ્ધ મળીને કુલ ૧૬ શ્રાદ્ધ તિથિઓ મનાવવામાં આવે છે. આ દિવસો દરમિયાન ભાવનગરની વિવિધ જ્ઞાતિ-સમાજની વાડીઓ, આશ્રમો અને ધર્મસ્થાનકોમાં પિતૃ તર્પણ, પિંડદાન તેમજ વિશેષ પૂજા-અર્ચનાનો ધમધમાટ જોવા મળશે.

શાસ્ત્રોક્ત માન્યતા મુજબ શ્રાદ્ધપક્ષમાં ચંદ્રનું આધિપત્ય હોવાથી દૂધ, દૂધપાક અને ખીરનું સવિશેષ મહત્વ રહેલું છે. જેને પગલે નગરની મીઠાઈ અને ફરસાણની દુકાનોમાં દૂધપાક તથા ખીરના વેચાણમાં ભારે ઉછાળો નોંધાશે. પિતૃતર્પણ સાથે જીવદયા, કાગવાસ નાખવો અને ગૌસેવા જેવી પુણ્યશાળી પ્રવૃત્તિઓથી સમગ્ર ગોહિલવાડ પંથકમાં ધાર્મિક વાતાવરણ ગૂંજી ઉઠશે.

## ગણેશોત્સવ બાદ ભાદરવા વદ એકમથી ૧૫ દિવસીય પવિત્ર પર્વ શરૂ; દૂધપાક-ખીરના વેચાણમાં અને ધર્મકાર્યોમાં ભારે ઉછાળો જોવા મળશે

### ભાવનગરમાં હોકી સહિતના સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે સહયોગની ખાતરી આપી હતી

# મુખ્યમંત્રીનો ‘યુવા સંવાદ’: વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પમાં યુવાનોને સક્રિય સહભાગી બનવા આહવાન

## વિકસિત ભારતનું સ્વપ્ન માત્ર મોટા શહેરોના વિકાસથી નહીં, પરંતુ ગામડાં અને છેવાડાના માનવી સુધી વિકાસની તકો અને સરકારી યોજનાઓનો લાભ પહોંચે ત્યારે સાકાર થશે - મુખ્યમંત્રી





ભાવનગર,તા.૨૬

ભાવનગર સ્થિત મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની જનસેવા સાધનાના ૨૩ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આયોજિત ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત યોજાયેલા ‘યુવા સંવાદ’ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ સાથે અત્યંત સાહજિક અને ખુલ્લા મને વાર્તાલાપ કર્યો હતો. આ ખાસ પ્રસંગે વિદ્યાર્થીઓએ વિકસિત ભારતજ૨૦૪૭ રોજગાર, શિક્ષણ, કૃષિ, આરોગ્ય, રમતગમત, મહિલા સશક્તિકરણ, સાયબર ક્રાઈમ, નશામુક્તિ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવા અનેકવિધ ક્ષેત્રો અંગે પૂછેલા પ્રશ્નોના મુખ્યમંત્રીએ ખૂબ જ સરળ અને માર્ગદર્શક જવાબો આપ્યા હતા. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે વિકસિત ભારતનો સંકલ્પ માત્ર મોટા શહેરોના વિકાસથી સાકાર નહીં થાય, પરંતુ જ્યારે ગામડાં અને છેવાડાના માનવી સુધી વિકાસની તકો પહોંચશે ત્યારે જ ખરા અર્થમાં સિદ્ધ થશે, જેના માટે યુવાનોએ સરકારી યોજનાઓનો લાભ પોતે લેવાની સાથે અન્ય જરૂરિયાતમંદો સુધી પહોંચાડવામાં સહયોગી બનવું પડશે.

ધોલેરા એસઆઈઆર અને સેમિકન્ડક્ટર ક્ષેત્રે ઊભી થનારી રોજગારીની અફાટ તકો વિશે વાત કરતા તેમણે યુવાનોને નવીનતમ ટેકનિકલ કૌશલ્ય વિકસાવવા અને સરકાર દ્વારા યોજાતી તાલીમોનો મહત્તમ લાભ લેવા આહવાન કર્યું હતું. સ્વાસ્થ્ય અંગે તેમણે અન્યો સાથેની સરખામણી છોડી પોતાની ક્ષમતા મુજબ સકારાત્મક વિચારસરણી અને યોગ સાથે આગળ વધવા ટિપ્સ આપી હતી.

કૃષિ ક્ષેત્રે માત્ર પુસ્તકીય જ્ઞાન પૂરતું મર્યાદિત ન રહેતા મોડેલ ફાર્મની મુલાકાત લઈ આધુનિક ટેક્નોલોજી અને વેલ્યુ એડિશન થકી ગામની ખેતી સુધારવા, સાયબર ફ્રોડ પ્રત્યે જાગૃતિ કેળવવા, સ્થાનિક સ્વરાજ્યમાં મહિલાઓની ભાગીદારી વધારવા તેમજ ભાવનગરમાં હોકી સહિતના સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે સહયોગની ખાતરી આપી હતી. વધુમાં, અન્ય ભાષાઓના જ્ઞાન સાથે માતૃભાષા પ્રત્યે ગૌરવ જાળવી રાખવાનો ખાસ અનુરોધ કરીને તેમણે યુવાનો કૌશલ્ય, સંવેદનશીલતા અને આત્મવિશ્વાસ સાથે રાષ્ટ્ર નિર્માણમાં અગ્રેસર રહેશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો, જેમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી નીમુબેન બાંભણિયા, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયા તથા વાઇસ ચાન્સેલર ડૉ. ભરતભાઈ રામાનુજ સહિતના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# દેર આયે, દુરસ્ત આયે : સર ટી.માં QR કોડ અને કાર્ડથી ડિજિટલ પેમેન્ટ સ્વીકારાશે

## પ્રજાજનોની સુવિધા માટે ટૂંક સમયમાં વોટ્સએપ પર મળશે લેબ રિપોર્ટ

ભાવનગર,તા.૨૬

ભાવનગર શહેર સહિત સમગ્ર સૌરાષ્ટ્રના દર્દીઓ માટે આશીર્વાદરૂપ સર તખ્તસિંહજી (સર ટી.) હોસ્પિટલમાં દર્દીઓની સુવિધામાં વધારો કરવા તેમજ હોસ્પિટલમાં થતી ભીડ અને લાંબી કતારોમાં ઘટાડો કરવા ડિજિટલ સેવાઓને વધુ સુદ્રઢ બનાવવામાં આવી રહી છે. દર્દીઓ તથા તેમના સગા-સંબંધીઓને હોસ્પિટલ પરિસરમાં એક વિભાગમાંથી બીજા વિભાગમાં જવા તેમજ વિવિધ સેવાઓ મેળવવામાં સરળતા રહે તે માટે હોસ્પિટલ તંત્ર દ્વારા આધુનિક સુવિધાઓનો અમલ કરવામાં આવી રહ્યો છે.

હોસ્પિટલમાં કેસ પેપર, યુઝર ચાર્જ તેમજ નિયમોનુસારના અન્ય યુઝર ચાર્જની ચુકવણી માટે હવે ડિજિટલ પેમેન્ટની સુવિધા શરૂ કરવામાં આવી છે. દર્દીઓ અને તેમના સગા-સંબંધીઓને રોકડ રકમ કે પરચૂરણની અગવડ ન પડે તે માટે ક્યૂઆર કોડ (UPI) તેમજ કાર્ડ સ્વાઈપ દ્વારા સરળતાથી અને ઝડપી ચુકવણી કરી શકાશે. આ સુવિધાના કારણે કેશ કાઉન્ટર પરની ભીડમાં ઘટાડો થવાની સાથે દર્દીઓનો સમય પણ બચશે.

સર ટી. હોસ્પિટલમાં દરરોજ આશરે ૬,૦૦૦ જેટલા લેબોરેટરી ટેસ્ટ કરવામાં આવે છે. દર્દીઓને લેબ રિપોર્ટ મેળવવા માટે ફરીથી હોસ્પિટલની મુલાકાત લેવી ન પડે અને કાગળનો વપરાશ ઘટે તે હેતુથી લેબ રિપોર્ટ સીધા જ દર્દીના ઉરઢ્ઢંજઁ નંબર પર મોકલવાની સુવિધા શરૂ કરવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. આગામી ૮ થી ૧૦ દિવસમાં આ સુવિધા સંપૂર્ણપણે કાર્યરત થવાની શક્યતા છે. આ સેવા શરૂ થયા બાદ દર્દીઓ લાંબી કતારમાં ઊભા રહેવાની તથા માત્ર રિપોર્ટ લેવા માટે હોસ્પિટલ આવવાની અગવડમાંથી મુક્ત થશે.

સર તખ્તસિંહજી હોસ્પિટલ તંત્ર દ્વારા દર્દીઓની સુવિધા, સમયની બચત અને આરોગ્ય સેવાઓને વધુ સરળ તથા ઝડપી બનાવવા માટે ડિજિટલ સેવાઓનો વ્યાપ સતત વધારવામાં આવી રહ્યો છે. આ પહેલથી સરકારી હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓ અને તેમના સગા-સંબંધીઓ માટે આરોગ્યસેવાનો અનુભવ વધુ સુગમ બનશે.

# થિયોસોફિકલ સોસાયટી દ્વારા સાંજે વિશેષ વ્યાખ્યાનનું આયોજન



ભાવનગર,તા.૨૬

ભાવનગર લોજ ધ થિયોસોફિકલ સોસાયટીના ઉપક્રમે આગામી તા. ૨૬ને શનિવારના સાંજે ૫:૦૦ કલાકે રૂપાણી વર્તુળ પાસે આવેલા સત્સંગ હોલ ખાતે એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વક્તા ડૉ. ઓમ ત્રિવેદી "મહર્ષિ દયાનંદ સરસ્વતી કૃત ’સત્યાર્થ પ્રકાશ’ સમાજ સુધારણાનો બૌદ્ધિક માર્ગ" વિષય પર પોતાનું વક્તવ્ય રજૂ કરશે. આ પ્રસંગે થિયોસોફિકલ સોસાયટી, ભાવનગરના પ્રમુખ ડૉ. પૂર્ણિમાબેન મહેતા અને મંત્રી હરેશભાઈ જોશી દ્વારા સંસ્થાના તમામ સભ્યો તેમજ નગરજનોને આ પ્રેરણાદાયી બૌદ્ધિક વ્યાખ્યાનમાં ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સરકારી નીતિઓના સરળીકરણ અને પારદર્શક અમલીકરણથી ઉદ્યોગોને વેગ મળે તે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા : મુખ્યમંત્રી

## ઉદ્યોગોને મળવાપાત્ર સબસિડી સમયસર મળે તે માટે સરકાર દ્વારા મોનિટરિંગ વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા વ્યક્ત કરી પ્રતિબદ્ધતા




ભાવનગર,તા.૨૬

ભાવનગર ખાતે શિપ રિસાયકલિંગ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા આયોજિત સન્માન સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ‘રાષ્ટ્ર પ્રથમ’ અને સેવા-સમર્પણના ભાવ સાથે રાજ્ય સરકાર જનસેવા અને ઉદ્યોગ વિકાસ માટે સતત કાર્યરત છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે સરકારી કાયદા, નીતિ અને નિયમો એટલા સરળ હોવા જોઈએ કે નાગરિકો તથા ઉદ્યોગોને કામકાજમાં બિનજરૂરી મુશ્કેલી ન પડે. ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહે તે માટે સરકાર સતત નીતિગત સુધારાઓ કરી રહી છે.

વર્ષ ૨૦૦૩માં વડાપ્રધાનએ શરૂ કરેલા વાઈબ્રન્ટ ગુજરાતના માધ્યમથી ગુજરાતને વૈશ્વિક રોકાણના પ્લેટફોર્મ તરીકે વિકસાવવામાં આવ્યું છે. આગામી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં પણ વિશ્વભરના ઉદ્યોગો ગુજરાતમાં આવે ત્યારે તેમને સરળ અને સુગમ વ્યવસ્થાઓ મળે તે સરકારની પ્રાથમિકતા છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, ઉદ્યોગોને મળવાપાત્ર સબસિડી સમયસર મળે તે માટે સરકાર દ્વારા મોનિટરિંગ વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવી રહી છે. ઉદ્યોગને જ્યારે સરકારની સહાયની જરૂર હોય ત્યારે જ તે સમયસર અને અસરકારક રીતે ઉપલબ્ધ થાય તે જરૂરી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે દરેક ક્ષેત્ર અને વિશિષ્ટ ઉદ્યોગની જરૂરિયાતોને અનુરૂપ નીતિઓ, પારદર્શિતા અને સરળ પ્રક્રિયાઓ સાથે સરકાર આગળ વધી રહી છે. સરકાર અને ઉદ્યોગ જગતના સંયુક્ત પ્રયાસોથી આત્મનિર્ભર ગુજરાત અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત લીડ લેશે.

મુખ્યમંત્રીએ શિપ રિસાયકલિંગ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન તરફથી મળતા સહકાર બદલ આભાર વ્યક્ત કરી ગુજરાતના ઔદ્યોગિક વિકાસની યાત્રામાં સતત સહભાગી બનવા આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયા, કૃષિ કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી, ઉર્જા અને ભાવનગર જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરીયા, મેયર ઉષાબેન તલરેજા,જિલ્લા પંચાયતના પ્રમુખ અશોકભાઈ લાધવા, ધારાસભ્યો સેજલબેન પંડ્યા, શિવાભાઈ ગોહિલ, ભીખાભાઈ બારૈયા, ગૌતમભાઈ ચૌહાણ, અગ્રણીઓ દિગ્વિજયસિંહ ગોહિલ, કુમારભાઈ શાહ, મહાનગરપાલિકા કમિશનર ડૉ. એન.કે. મીના, કલેક્ટર ડૉ. મનીષ બંસલ, શિપ રિસાયકલિંગ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ વિષ્ણુ કુમાર ગુપ્તા, રમેશભાઈ મેંદપરા, ઉપ પ્રમુખ સંજય મહેતા, સહાયક સેક્રેટરી અનિલભાઈ જૈન, સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તેજસભાઈ શેઠ સહિત વિવિધ એસોસિએશનના સભ્યઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ભાવનગરમાં ઘન કચરો, પ્લાસ્ટિક કે વાયર સળગાવવા પર પ્રતિબંધ

ભાવનગર,તા.૨૬

ભાવનગર મહાનગરપાલિકા, તમામ નગરપાલિકાઓ, ક્ષેત્ર વિકાસ સત્તામંડળ તેમજ અલંગ ક્ષેત્ર વિકાસ સત્તામંડળ વિસ્તારમાં ધુમાડાથી થતું વાયુ પ્રદૂષણ રોકવા માટે તંત્ર દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવાયો છે. ઘન કચરો, પ્લાસ્ટિક તેમજ અલંગ શિપ બ્રેકિંગ યાર્ડમાંથી નીકળતા પ્લાસ્ટિક કોટેડ વાયરો સળગાવવાથી હવા પ્રદૂષિત થતી હોઈ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) ની દરખાસ્તના આધારે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા આ પ્રતિબંધિત જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩(૧) હેઠળ બહાર પાડવામાં આવેલું આ હુકમનામું પ્રસિદ્ધ થયાની તારીખથી આગામી ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે. આ સમયગાળા દરમિયાન નિયત વિસ્તારોમાં કોઈપણ વ્યક્તિ દ્વારા કચરો કે પ્લાસ્ટિક સળગાવવા પર પૂર્ણપણે રોક લગાવવામાં આવી છે.

આ જાહેરનામાનો કડક અમલ કરાવવાની જવાબદારી મનપા કમિશનર, GPCB ના પ્રાદેશિક અધિકારી, નગરપાલિકાઓના ચીફ ઓફિસર અને સંબંધિત પોલીસ અધિકારીઓને સોંપવામાં આવી છે. આ આદેશનું ઉલ્લંઘન કરનાર ઈસમ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ કાયદેસરની સજાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

# ભાવ. જિલ્લા અને મહાપાલિકા કક્ષાની યોજાશે નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધા

## ૨૮ સપ્ટેમ્બર સુધીમાં અરજીઓ આવકાર્ય; પ્રથમ ક્રમે આવનાર વૃંદો રાજ્યકક્ષાએ પ્રતિનિધિત્વ કરશે

ભાવનગર,તા.૨૬

ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગરના ઉપક્રમે ભાવનગર જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી દ્વારા જિલ્લાકક્ષા અને મહાનગરપાલિકાકક્ષાની નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા રાસ, પ્રાચીન ગરબા અને અર્વાચીન ગરબા એમ ત્રણ વિભાગોમાં યોજાશે, જેમાં ત્રણેય વિભાગમાં પ્રથમ સ્થાન મેળવનાર વૃંદો રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાવનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રાચીન અને અર્વાચીન ગરબા વિભાગ માટે ૧૪થી ૩૫ વર્ષ તથા રાસ સ્પર્ધા માટે ૧૪થી ૪૦ વર્ષની વયમર્યાદા નક્કી કરવામાં આવી છે.

ઈચ્છુક સંસ્થાઓ અને મંડળો કચેરીના બ્લોગ (dydobvr.blogspot.com) અથવા જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી ખાતેથી પ્રવેશપત્ર મેળવી શકશે.

ભરેલા પ્રવેશપત્રો સાથે સ્પર્ધકોની ઉંમરના આધાર પુરાવા (જન્મનો દાખલો કે અન્ય ઓળખપત્ર) તેમજ સરનામું અને મોબાઈલ નંબરની વિગતો જોડીને તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિની કચેરી, જી-૧/૨, ગ્રાઉન્ડ ફ્લોર, એનેક્સી બિલ્ડીંગ, બહુમાળી ભવન, ભાવનગર ખાતે જમા કરાવવાના રહેશે. વધુ માહિતી માટે કચેરીના ફોન નંબર ૦૨૭૮-૨૪૩૨૭૬૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# નેસવડ દૂધ ઉત્પાદક સહકારી મંડળીના ચાલીસ વર્ષ પૂર્ણ થતા ઉજવણી કરાશે




ભાવનગર,તા.૨૬

તળાજા તાલુકાની જાણીતી નેસવડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડની સ્થાપનાને ગૌરવવંતા ૪૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે તેમજ મંડળીના સ્થાપક એચ.આર. જોશીની સહકારી ક્ષેત્રે ૪૦ વર્ષની સફળ કામગીરી પૂર્ણ થવા નિમિત્તે આગામી તા. ૩૦/૦૯/૨૦૨૬ ને બુધવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકે આવડ ધામ - નેસવડ ખાતે એક વિશેષ ગૌરવપૂર્ણ ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મંડળીના પ્રમુખ દયારામભાઈ એલ. બારૈયા અને મંત્રી પ્રાગજીભાઈ આર. નાંદવા દ્વારા દૂધ મંડળી સંલગ્ન તમામ લોકોને સહભાગી થઈ પ્રોત્સાહિત કરવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## મંડળીના સ્થાપક એચ.આર.જોશીની પણ સહકારી ક્ષેત્રે ચાર દાયકાની ગૌરવપૂર્ણ સફરની ઉજવણીનું આયોજન

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# ભાવનગરના યુવકે વડોદરામાં હોટેલના ત્રીજા માળેથી કૂદી આત્મહત્યા વ્હોરી

**માનસિક બીમારીથી કંટાળી પરિવારના એકમાત્ર પુત્રે અંતિમ પગલું ભર્યું**



ભાવનગર,તા.૨૬

વડોદરાના ન્યાય મંદિર વિસ્તારમાં આવેલી ગીતા હોટલના ત્રીજા માળેથી છલાંગ લગાવી ભાવનગરના ૨૫ વર્ષીય યુવક હેમલ ડાભીએ આત્મહત્યા કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રાથમિક વિગતો મુજબ, ઈલેક્ટ્રિશિયન તરીકે નોકરી કરતો હેમલ પરિવારનો એકનો એક દીકરો હતો અને પરિવારને જાણ કર્યા વગર ૨૪ સપ્ટેમ્બરે ભાવનગરથી વડોદરા આવ્યો હતો. તેણે હોટલમાં રૂમ નંબર ૩૦૬ ભાડે રાખ્યો હતો અને મોડી રાત્રે આશરે ૨ વાગ્યાના અરસામાં હોટલ પરથી કૂદીને મોત વ્હાલું કર્યું હતું.

બનાવની જાણ થતાં જ ૧૦૮ અને સીટી પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે એસએસજી હોસ્પિટલ ખસેડ્યો હતો. પોલીસે સ્થળ પરથી મળેલી સુસાઈડ નોટ કબજે કરી છે, જેમાં યુવકે માનસિક કંટાળાના કારણે આ પગલું ભર્યું હોવાનો ઉલ્લેખ કર્યો છે. પોલીસે મૃતકનો સ્વિચ ઓફ મોબાઈલ મેળવી તેની કોલ હિસ્ટ્રી અને મેસેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# મહાપાલિકા દ્વારા 'મેયર વિજય પદમ' સાંસ્કૃતિક સ્પર્ધાનું આયોજન

**સ્થાનિક કલાકારો માટે લોકનૃત્ય, રાસ અને ગરબા સ્પર્ધા: વેબસાઈટ પરથી ફોર્મ મળશે**

ભાવનગર,તા.૨૬

ભાવનગર મહાપાલિકાના સાંસ્કૃતિક વિભાગ દ્વારા શહેરના કલાકારોની પ્રતિભાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી તા. ૧૦/૧૦/૨૦૨૬, શનિવારના રોજ સરદારનગર સ્થિત ઝવેરચંદ મેઘાણી ઓડીટોરીયમ ખાતે વિશેષ "મેયર વિજય પદમ" સાંસ્કૃતિક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં લોકનૃત્ય, રાસ અને ગરબો જેવી વિવિધ સાંસ્કૃતિક કલાઓનો સમાવેશ કરાયો છે.

સ્પર્ધામાં ભાગ લેવા માટેના ફોર્મ તા. ૨૬/૦૯/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકથી મહાનગરપાલિકાની અધિકૃત વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે. નિયત ફોર્મ ભરીને તા. ૨૮/૦૯/૨૦૨૬ થી ૦૬/૧૦/૨૦૨૬ સુધીમાં સાંજે ૬:૦૦ કલાક સુધી મહાનગરપાલિકાની કેન્દ્રીય રજીસ્ટ્રી શાખા ખાતે સવારે ૧૧:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા દરમિયાન રૂબરૂ, સ્પીડ પોસ્ટ કે કુરિયર મારફતે જમા કરાવવાના રહેશે. આ સ્પર્ધા તદ્દન નિઃશુલ્ક હોવાથી કોઈ ફી ભરવાની રહેશે નહીં. સ્પર્ધાના નિયમો તથા વધુ વિગતો મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી મેળવી શકાશે.

# વડવાળા મોટા અંબાજી મંદિરે ભાદરવી પૂનમ નિમિતે કરાયું ધ્વજારોહણ : વાજતે ગાજતે ધ્વજા સાથે યોજાઈ નગરયાત્રા



તસવીર : ધવલ વાજા

ભાદરવા સુદી પૂનમના પાવન પર્વે અંબાચોક સ્થિત વડવાળા મોટા અંબાજી માતાજી મંદિરે ભક્તિસભર માહોલમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો સંપન્ન થયા હતા. સવારે ૭:૦૦ વાગ્યે માતાજીની આરતીથી પ્રારંભ થયા બાદ આનંદનો ગરબો, ધજાજી આરોહણ અને બપોરે મહાથાળ ધરાવાયો હતો. આ પૂર્વે સવારે સોની બજાર અને શેરડી પીઠના ડેલા પાસેથી ઢોલ-નગારા તથા "બોલ માડી અંબે"ના જયઘોષ સાથે ધજાજીની ભવ્ય નગરયાત્રા નીકળી હતી. હેરીસ રોડ થઈને અંબાજી મંદિર પહોંચેલી આ યાત્રામાં મોટી સંખ્યામાં માઈભક્તો જોડાયા હતા. સાંજે મહાઆરતી સાથે હજારો ભક્તોએ મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવશે.

# જિલ્લામાં પોષણ માસ અંતર્ગત 'આંગણનો ઉત્સવ'ની ઉજવણી

**તંદુરસ્ત બાળકોને ઈનામ સાથે સુખડી અને ફળની કીટનું વિતરણ કરાયું**



ભાવનગર,તા.૨૬

પોષણ ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત ભાવનગર જિલ્લામાં ૨૫ સપ્ટેમ્બરથી 'આંગણનો ઉત્સવ'ની ઉજવણીનો પ્રારંભ થયો છે, જે ૩ ઓક્ટોબર સુધી યોજાશે. આ ઉજવણીના ભાગરૂપે જિલ્લાના આંગણવાડી કેન્દ્રોમાં તંદુરસ્ત બાળકોને પ્રોત્સાહિત કરવા ઈનામ આપવામાં આવ્યા હતા તેમજ બાળકોને સુખડી અને ફળની કીટનું વિતરણ કરાયું હતું. તાલુકા તથા ગામના આગેવાનોની ઉપસ્થિતિમાં લાભાર્થી બાળકોને કીટ અર્પણ કરવામાં આવી હતી.

બાળકોમાં આનંદ અને ઉત્સાહ વધે તે માટે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, બાળકોના પોષણ અને વિકાસ માટે સેવારત આંગણવાડી કાર્યકર બહેનો, હેલ્પર બહેનો તથા આશા બહેનોના સેવાકીય યોગદાનને બિરદાવતાં તેમને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# માહિતી કચેરીના અધિકારીઓ-કર્મીઓએ શ્રમદાન કરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો

**પ્રથમ-દ્વિતીય માળ, વાહન ગેરેજ સહિતના વિસ્તારોમાં સઘન સફાઈ કરવામાં આવી**



ભાવનગર,તા.૨૬

રાજયવ્યાપી 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ભાવનગર જિલ્લા માહિતી કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સામૂહિક શ્રમદાન સાથે સઘન સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. 'સ્વચ્છ કચેરી, સ્વચ્છ પરિસર'ના સંકલ્પ સાથે કચેરીના પ્રથમ અને દ્વિતીય માળ, વાહન ગેરેજ સહિતના વિવિધ વિસ્તારોમાં સફાઈ કરવામાં આવી હતી.

ઝુંબેશ દરમિયાન કચેરીના પંખા, ટ્યુબલાઈટ, કબાટ, બારીના કાચ, ગ્રીલ, દરવાજા, કમ્પ્યુટર, પ્રિન્ટર તથા ડેસ્ક સહિતની સફાઈ સાથે કોરિડોર અને અન્ય વિસ્તારોમાં એકત્રિત કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. ઉપરાંત, સરકારી વાહનની આંતરિક અને બાહ્ય સફાઈ પણ કરવામાં આવી હતી.

સ્વચ્છતા દૈનિક કાર્યશૈલીનો અભિન્ન ભાગ બને અને સ્વચ્છ, સુઘડ કાર્યપરિસર જળવાઈ રહે તેવા સંદેશ સાથે સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ હતી.

આ ઝુંબેશમાં ઈન્ચાર્જ નાયબ માહિતી નિયામક આર.એસ. ચૌહાણ, સિનિયર સબ એડિટર સુનિલ મકવાણા, માહિતી મદદનીશ કૌશિક શીશાંગીયા, જે.બી.પરમાર સહિતના અધિકારીઓ-કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક શ્રમદાન કરી સહભાગીતા નોંધાવી હતી.

# મહાપાલિકા દ્વારા કુંભારવાડા ખાતે મંગળવારે 'સેવાસેતુ' કેમ્પ યોજાશે

**વિવિધ સરકારી પ્રમાણપત્રો અને યોજનાકીય અરજીઓનો સ્થળ પર જ કરાશે નિકાલ**


ભાવનગર,તા.૨૬

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નાગરિકોના પ્રશ્નો અને વિવિધ સરકારી સેવાઓનું સ્થળ પર જ ઝડપી અને સરળ નિરાકરણ લાવવાના ઉદ્દેશ્યથી આગામી તા. ૨૯/૦૯/૨૦૨૬ ના રોજ સવારે ૯:૦૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી કુંભારવાડા સ્થિત મહાત્મા ગાંધી પ્રાથમિક શાળા નં. ૬૩ (હાદાનગર, સ્નેહ મિલન સોસાયટી, કોળી જ્ઞાતિની વાડી પાસે) ખાતે વિશેષ 'સેવાસેતુ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું છે,

સેવાસેતુ કાર્યક્રમમાં અરજીઓ સ્વીકારવાનો સમય બપોરે ૨:૦૦ વાગ્યા સુધીનો રહેશે. આ શિબિરમાં ગુમાસ્તા ધારા હેઠળની અરજીઓ, આવકના પ્રમાણપત્ર, નોન-ક્રીમીલેયર, જાતિના પ્રમાણપત્રો, સીનિયર સિટીઝન પ્રમાણપત્ર, નિરાધાર સહાય, રેશનકાર્ડ, આધાર કાર્ડ સંબંધિત કામગીરી, અનુસૂચિત જાતિ કલ્યાણની યોજનાઓ અને મહાનગરપાલિકાની વિવિધ નાગરિક સેવાઓને લગતી અરજીઓનો સ્થળ પર જ ઉકેલ લાવવામાં આવશે. ભાવનગર મહાનગરપાલિકાના જનસંપર્ક અધિકારી વિભાગ દ્વારા શહેરના તમામ જરૂરિયાતમંદ નાગરિકોને આ સેવાસેતુ કેમ્પનો મહત્તમ લાભ લેવા જાહેર અપીલ કરવામાં આવી છે.

# તબીબી ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિ: કેન્સરના લીધે સાંકડી થયેલી શ્વાસનળીમાં સફળ સ્ટેન્ટિંગથી દર્દીને નવજીવન

**ફેફસાના નિષ્ણાંત ડૉ. કૈવંત પટેલ દ્વારા જટિલ પ્રોસીજર સફળતાપૂર્વક પૂર્ણ; સાચપરા હોસ્પિટલ ખાતે દુરબીન વડે શ્વાસનળીમાં સ્ટેન્ટ મુકાયું**



ભાવનગર, તા.૨૬

ભાવનગરમાં ફેફસાના નિષ્ણાંત ડૉ. કૈવંત પટેલ દ્વારા કેન્સરથી પીડાતા ૪૨ વર્ષના મહિલા દર્દીને અત્યંત જટિલ પરિસ્થિતિમાં શ્વાસનળીનું સ્ટેન્ટિંગ કરીને નવજીવન આપવામાં આવ્યું છે. ભાવનગરમાં પ્રથમ વખત આ પ્રકારની અત્યંત કઠિન તબીબી પ્રોસીજર સફળતાપૂર્વક પૂરી કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, દર્દી છેલ્લા બે વર્ષથી અન્નનળીના કેન્સર સામે ઝઝૂમી રહ્યા હતા. છેલ્લા એક મહિનાથી તેમને શ્વાસ લેવામાં અતિશય તકલીફ અને ભારે ઉધરસની સમસ્યા હતી. શ્વાસ લેતી વખતે ગળામાંથી મોટો અવાજ ('સ્ટ્રાઈડર' - Stridro) આવતો હોવાથી તેઓ રાત્રે ઊંઘી પણ શકતા નહોતા. ડૉ. કૈવંત પટેલ દ્વારા સીટી સ્કેન અને દુરબીન તપાસ (બ્રોન્કોસ્કોપી) કરવામાં આવતાં માલૂમ પડ્યું હતું કે અન્નનળીનું કેન્સર આજુબાજુમાં એટલું પ્રસર્યું હતું કે તેણે શ્વાસનળીને દબાવી દીધી હતી, જેના કારણે ઓક્સિજનનો માર્ગ લગભગ બંધ થઈ ગયો હતો. સર્જરી દ્વારા ગાંઠ કાઢવી શક્ય ન હોવાથી દર્દીનો જીવ બચાવવા શ્વાસનળીમાં સ્ટેન્ટ મૂકવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો.

શ્વાસનળી સંકોચાયેલી હોય ત્યારે એ જ માર્ગે દર્દીને વેન્ટિલેટર પર રાખી સ્ટેન્ટ ગોઠવવું અત્યંત જોખમી હોય છે, જેમાં ઓક્સિજન ઘટી જવો કે શ્વાસનળી ફાટી જવી જેવા જીવલેણ જોખમો રહેલા હોય છે. સાચપરા મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ ખાતે એનેસ્થેશિયા નિષ્ણાંત ડૉ. રાકેશ જાલંધરાના સહયોગથી ડૉ. કૈવંત પટેલે કોઈ પણ પ્રકારના કોમ્પ્લિકેશન વગર આ સફળ પ્રોસીજર પાર પાડી હતી. સ્ટેન્ટ ગોઠવાતાં જ શ્વાસનો માર્ગ ખૂલી ગયો હતો અને દર્દીની તકલીફ તાત્કાલિક દૂર થઈ હતી.

# GLDCના પૂર્વ અધિકારી સામે EDની લાલ આંખ : ૧.૧૫ કરોડની ૧૫ મિલકતો જપ્ત

**ભાવનગર, અમદાવાદ અને પૂણેની બેનામી મિલકતો પર PMLA હેઠળ મોટો સિકંજો; અપ્રમાણસર મિલકત કેસમાં કડક કાર્યવાહી**

ભાવનગર,તા.૨૬

ગુજરાત લેન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (GLDC)ના ભ્રષ્ટ ભૂતપૂર્વ અધિકારી સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની સુરત સબ-ઝોનલ ઓફિસે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ મોટી અને સખત કાર્યવાહી હાથ ધરી છે. EDએ આરોપી શિબા વળિયા ઉર્ફે ભૂપત અને તેના સંબંધીઓની રૂ. ૧.૧૫ કરોડની અંદાજિત કિંમતની કુલ ૧૫ સ્થાવર મિલકતો અસ્થાયી રૂપે ટાંચમાં (અટેચ) લીધી છે.

જપ્ત કરાયેલી મિલકતો ભાવનગર જિલ્લાના મહુવા અને તળાજા, અમદાવાદના ઓઢવ તથા સાબરમતી અને મહારાષ્ટ્રના પૂણે નજીક આવેલા હડપસરમાં આવેલી છે. આ મિલકતો આરોપી તથા તેના સહયોગીઓના નામે નોંધાયેલી હતી.

ઉલ્લેખનીય છે કે, GLDC ભરૂચ ખાતે ફીલ્ડ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શિબા વળિયા સામે વર્ષ ૨૦૨૦માં ભાવનગર ACB દ્વારા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ FIR નોંધાઈ હતી. ત્યારબાદ શરૂ થયેલી EDની ઊંડાણપૂર્વકની તપાસમાં સામે આવ્યું હતું કે, આરોપીએ સરકારી કર્મચારી હોવા છતાં પોતાની કાયદેસરની આવકના સ્ત્રોત કરતાં ઘણી વધારે ગેરકાયદેસર સંપત્તિ વસાવી હતી. જેને પગલે આ કડક જપ્તીની કાર્યવાહી કરવામાં આવી છે.

# સગીરાના અપહરણ-છેડતી કેસમાં આરોપી ઝડપાયો: ૨ દિવસના રિમાન્ડ મંજૂર

**પોલીસે 'ઓપરેશન સીતા' અંતર્ગત સગીરાને મુક્ત કરાવી પરિવારને સોંપી; BNS અને પોક્સો હેઠળ ગુનો દાખલ**



ભાવનગર,તા.૨૬

ભાવનગરના દેવુબાગ વિસ્તારમાં રહેતા ગાજી અબ્બાસભાઈ નરસિંહાણી નામના શખસે તા. ૨૨ સપ્ટેમ્બરના રોજ અધેવાડા વિસ્તારમાંથી એક સગીરાને બદકામ કરવાના ઈરાદે લલચાવી-ફોસલાવીને વાલીપણામાંથી ભગાડી જઈ શારીરિક અડપલાં કર્યા હોવાની ઘટના સામે આવી હતી. આ ગંભીર બનાવ અંગે ભાવનગર પોલીસે 'ઓપરેશન સીતા' હેઠળ ત્વરિત કાર્યવાહી હાથ ધરીને ગત તા. ૨૪ સપ્ટેમ્બરે ભરતનગર પોલીસ સ્ટેશનમાં BNS ની વિવિધ કલમો તેમજ પોક્સો એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. કેસની તપાસ ગંગાજળિયા પોલીસ સ્ટેશનના PI આર.બી. ચૌહાણને સોંપાયા બાદ લોકલ ક્રાઈમ બ્રાંચ અને પોલીસ ટીમોએ ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન રિસોર્સનો ઉપયોગ કરીને સગીરાને હેમખેમ શોધી કાઢી હતી અને આરોપી ગાજી અબ્બાસભાઈને ઝડપી પાડ્યો હતો. પોલીસે મુક્ત કરાવેલી સગીરાને તેના પરિવારજનોને સોંપી હતી, જ્યારે આરોપીને અદાલતમાં રજૂ કરી રિમાન્ડની માગણી કરતા કોર્ટે તેના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

# ૨૦ સફળ સીઈડી મહિલા ઉધોગ સાહસિકોનું મોમેન્ટો આપી સન્માન

**મેયર, ધારાસભ્ય, કલેક્ટર સહિતની ઉપસ્થિતિમાં ભાવનગર ખાતે રાજયકક્ષાનોઆત્મનિર્ભર ગૃહિણી કાર્યક્રમ યોજાયો**



ભાવનગર,તા.૨૬

ઉધોગ સાહસિકતા વિકાસ સંસ્થાન (સીઈડી), ગાંધીનગર દ્વારા આત્મનિર્ભર ગૃહિણીને બિરદાવવા અને તેમની સફળ ગાથાને રજૂ કરતી "આત્મનિર્ભર ગૃહિણી કાર્યક્રમ અટલ ઓડિટોરીયમ હોલ, ભાવનગર યુનિવર્સીટી નવું કેમ્પસ, ભાવનગર ખાતે યોજાયેલ

આ કાર્યક્રમનો પ્રારંભ સ્વાગત પ્રવચન સીઈડી ભાવનગર વિભાગીય કચેરીના ડેપ્યુટી મેનેજર ડો.વિમલ પી. જગડ કરેલ. કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે મેયર ઉષાબેન તલરેજા, ,રાજકુમારી બ્રિજેશ્વરીકુમારી ગોહિલ, ભાવનગર પૂર્વ ધારાસભ્ય સેજલબેન પંડ્યા, જિલ્લા કલેકટર ડો.મનીષ બંસલ, કુલપતિ ડો.ભરત રામાનુજ, સીઈડી નિયામક ડો.નીલ શ્રીમાળી તથા વિવિધ સરકારી અધિકારીગણ અને એસોસીએશન તથા ચેમ્બરના પ્રમુખ ઉપસ્થિત રહેલ આ કાર્યક્રમમાં ૨૦ સફળ સીઈડી મહિલા ઉધોગ સાહસિકોને મોમેન્ટો અને પ્રમાણપત્ર આપો અને પ્રોત્સાહિત કરવામાં આવેલ તથા ૩ સફળ સીઈડી મહિલા ઉધોગ સાહસિકોની સકસેસ સ્ટોરી ચિત્રપટ પર રજુ કરવામાં આવેલ અને ૨૦ સીઈડી મહિલા ઉધોગ સાહસિકો દ્વારા બનાવવામાં આવતી વિવિધ વસ્તુઓને પ્રદર્શન કરવામાં આવેલ. આ કાર્યક્રમની આભાર વિધિ ભાવનગર જિલ્લા સીઈડી કોડીનેટર ઘનશ્યામસિહ સરવૈયા કરેલ અને સંચાલન માનસીબેન્ન ત્રિવેદી કરેલ આ કાર્યક્રમને સફળ બનાવવા જયભાઈ ત્રિવેદી, ઓફીસ એક્ઝીક્યુટીવ અને પ્રણવભાઈ હરીપરા, ઓફીસ આસીસ્ટન્ટએ જહેમત ઉઠાવેલ.

# પાલીતાણાના પરિવારને ગણેશ વિસર્જન બાદ પરત ફરતાં અકસ્માત: ૯ને ઈજા

**ગોપનાથથી પરત ફરતી વખતે છકડો પલ્ટી મારતાં દુર્ઘટના સર્જાઈ**

ભાવનગર,તા.૨૬

ગણપતિ વિસર્જનના પવિત્ર અવસરે ભાવનગરના પાલીતાણા તાલુકાના રાણપરડા ગામના પરિવારને તળાજા નજીક માર્ગ અકસ્માત નડ્યો હતો. રાણપરડાના રહીશો શ્રીજીની પ્રતિમાનું વિસર્જન કરવા માટે ગોપનાથ ગયા હતા. વિસર્જન પૂર્ણ કરીને પરિવારના સભ્યો છકડામાં બેસી પરત ફરી રહ્યા હતા, ત્યારે વાહન અચાનક પલ્ટી મારી ગયું હતું.

આ દુર્ઘટનામાં પિયુષ પરમાર, જાનવી સંજયભાઈ, પક્ષીતા જીતેશભાઈ, વલ્લભભાઈ રામજીભાઈ, નિર્મળાબેન ધીરુભાઈ, રિદ્ધિ બીપીનભાઈ, બારૈયા ભરતભાઈ, બીપીન ભરતભાઈ અને જયપાલ ભરતભાઈ સહિત કુલ ૯ વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત બાદ બે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તમામ ઈજાગ્રસ્તોને તળાજાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, એકસાથે મોટી સંખ્યામાં દર્દીઓ આવતાં હોસ્પિટલનો સ્ટાફ ટૂંકો પડ્યો હતો. સ્થળ પર એકમાત્ર તબીબ અને પરિચારિકા હાજર હોવાથી તેમણે ભારે જહેમત ઉઠાવીને તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક પ્રાથમિક સારવાર પૂરી પાડી હતી.

# બેફામ દોડતી અર્ટીગા કારે ૪ મહિલાઓને અડફેટે લીધી



## સુભાષનગરના બનાવમાં મહિલાઓને ગંભીર અને લોહિયાળ ઈજા થતા હોસ્પિટલ ખસેડાઈ, અર્ટીગા કારના ચાલક વિરુદ્ધ પોલીસ ગુનો દાખલ

ભાવનગર,તા.૨૬

ભાવનગર શહેરના સુભાષનગર વિસ્તારમાં આવેલા વિજયચોક શંકર મંદિર પાસે એક બેફામ અર્ટીગા કાર ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન ચલાવીને રસ્તા પર જઈ રહેલી ચાર મહિલાઓને અડફેટે લીધાની ગંભીર ઘટના બની છે. આ અકસ્માતમાં મહિલાઓને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે સર ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. બનાવ અંગે કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ઘોઘારોડ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગતો મુજબ, ચિત્રા વિસ્તારમાં રહેતા શાંતુબેન દિલીપભાઈ ગોહેલ (ઉ.વ.૬૦) પોતાના દેરાણીઓ મીનાબેન, દર્શનાબેન અને જ્યોતીબેન સાથે સુભાષનગર વિજયચોક ખાતે રહેતા ફઈજીના ઘરે ખબરઅંતર પૂછીને બહાર નીકળ્યા હતા. આ દરમિયાન સામેથી પૂરઝડપે આવી રહેલી અર્ટીગા કાર (રજી.નં. GJ-33-T-5775) ના ચાલકે ચારેય મહિલાઓને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં શાંતુબેનને માથાના ભાગે ગંભીર ઈજા થતાં ૧૫ ટાંકા આવ્યા છે અને જમણા પગ તથા ડાબા ખભા પર મૂઢ ઈજા થઈ છે. જ્યારે દેરાણી દર્શનાબેનને કમરના ભાગે ગંભીર ઈજા થવાથી ગોળાનું ઓપરેશન કરવાની જરૂર પડી છે તેમજ અન્ય મહિલાઓને પણ શરીરે અને હાથે-પગે ગંભીર ઈજાઓ તથા છોલાણ થયા છે. બનાવના પગલે સ્થાનિક લોકો એકત્રિત થઈ ગયા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તોને તાત્કાલિક સર ટી. હોસ્પિટલના જૂના બિલ્ડિંગમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટના અંગે ભોગ બનનાર શાંતુબેનની ફરિયાદના આધારે ઘોઘારોડ પોલીસે અર્ટીગા કારના ચાલક વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તેમજ મોટર વાહન અધિનિયમની કલમો હેઠળ ગુનો નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# રાષ્ટ્રીય વયોશ્રી યોજના : પાલીતાણા ખાતે રૂ. ૯૨ લાખથી વધુ રકમના સહાયક સાધનોનું વિતરણ

## કેન્દ્રીય મંત્રી બાંભણિયાના હસ્તે પાલીતાણા - જેસર તાલુકાના ૯૯૧ વરિષ્ઠ નાગરિકોને ૫,૪૪૫ ઉપકરણોનું વિતરણ કરાયું : જિ.પં પ્રમુખ લાધવા, ધારાસભ્ય બારૈયા, લીલા ગ્રુપના ચેરમેન કોમલકાંત શર્મા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ






ભાવનગર,તા.૨૬

ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયની 'રાષ્ટ્રીય વયોશ્રી યોજના' અંતર્ગત ૨૬ સપ્ટેમ્બરના રોજ પાલીતાણા હાઈસ્કૂલ, તળેટી રોડ ખાતે વરિષ્ઠ નાગરિકો માટે નિઃશુલ્ક સહાયક સાધનો વિતરણ કેમ્પ સફળતાપૂર્વક યોજાઈ ગયો. આ શિબિરમાં પાલીતાણા અને જેસર તાલુકાના ૯૯૧ વરિષ્ઠ નાગરિકોને રૂ. ૯૨,૮૯,૮૫૬ ની કિંમતના કુલ ૫,૪૪૫ સાધનોનું વિનામૂલ્યે વિતરણ કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયા અને અન્ય મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાવનગરથી લીલા ગ્રુપ ઓફ કપંનીના ચેરમેન અને અગ્રણી ઉદ્યોગપતિ કોમલકાંત શર્માની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમના હસ્તે પણ લાભાર્થીઓને સાધન સહાય વિતરણ કરાયું હતું.

કેન્દ્રીય રાજ્ય મંત્રી અને ભાવનગરના સાંસદ નિમુબેન જયંતિભાઈ બાંભણિયાની વિશેષ પહેલ અને માર્ગદર્શન હેઠળ અગાઉ ALIMCO દ્વારા યોજાયેલા મૂલ્યાંકન કેમ્પ બાદ ભાવનગર જિલ્લાના કુલ ૮,૦૯૧ વરિષ્ઠ નાગરિકો માટે ૭.૬૫ કરોડના સાધનો મંજૂર કરાયા હતા, જેના પ્રથમ તબક્કારૂપે આ વિતરણ યોજાયું હતું. કેમ્પમાં લાભાર્થીઓને વ્હીલચેર (૧૮૪), શ્રવણયંત્રો (૮૫૦), ચાલવાની લાકડીઓ (૬૩૧), ઘૂંટણના બ્રેસ (૧,૭૨૮), કમરના પટ્ટા (૭૭૫), બત્રીસી (૧૨૫), વોકર્સ (૨૩૭) તેમજ સીટ કુશન સહિતના વિવિધ સાધનો એનાયત કરાયા હતા.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ અશોકભાઈ લાધવા, પાલીતાણા ધારાસભ્ય ભીખાભાઈ બરૈયા, તાલુકા પંચાયત પ્રમુખ મુક્તાબેન માંડાણી, જેસર તાલુકા પંચાયત પ્રમુખ વિજયસિંહજી સરવૈયા, નગરપાલિકા પ્રમુખ સુલોચનાબેન મકવાણા, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી સુરેશભાઈ, ALIMCO ના ગુજરાત ઈન્ચાર્જ મૃદુલ અવસ્થી સહિતના અનેક અગ્રણીઓ અને જાહેર સેવકો ઉપસ્થિત રહ્યા હતા.

# મેડિકલ કોલેજના પ્રોફેસરનો ડી-કમ્પોઝ હાલતમાં મૃતદેહ મળવાના કિસ્સામાં કુદરતી મોતનું તારણ

## ચાર દિવસથી ગેરહાજર તબીબનો ફ્લેટનો દરવાજો તોડી તાપસ કરતા મૃતદેહ મળ્યો હતો



ભાવનગર,તા.૨૬

ભાવનગરની સરકારી મેડિકલ કોલેજના એનાટોમી વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડૉ. કિન્નર દેસાઈનો ગોકુળધામ સ્થિત બંધ ફ્લેટમાંથી ડી-કમ્પોઝ હાલતમાં ગુરુવારે મૃતદેહ મળી આવતાં તબીબી આલમ અને સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ચકચાર મચી ગઈ હતી. જોકે, આ બનાવમાં હાલ કુદરતી મોત થયાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે.

મૂળ અમદાવાદના વતની ડૉ. કિન્નર દેસાઈ મૃતદેહ મળ્યા પૂર્વેના છેલ્લા ૪ દિવસથી કોલેજમાં ગેરહાજર હતા અને તેમનો ટેલિફોનિક સંપર્ક પણ થઈ શકતો નહોતો. આથી શંકા જતાં વિભાગના સાથી તબીબે પોલીસને જાણ કરી હતી. માહિતી મળતાં જ ભરતનગર પોલીસ સ્ટેશનના PI કુરેશી સહિતનો કાફલો તપાસ અર્થે તબીબના નિવાસ્થાને પહોંચ્યો હતો.

ટોપ થ્રી સામે આવેલી ગોકુળધામ સોસાયટીના K વિંગ-૨૦૧ નંબરનો ફ્લેટ બહારથી બંધ હોવાથી પોલીસે ફાયર બ્રિગેડની મદદ લઈ દરવાજો તોડાવ્યો હતો. ફ્લેટમાં અંદર પ્રવેશતા જ અતિશય દુર્ગંધ આવતી હતી અને શંકાસ્પદ સંજોગોમાં ડૉ. દેસાઈનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સર ટી. હોસ્પિટલ ખસેડ્યો હતો.

ઘટના અંગે PI કુરેશીએ જણાવ્યુ હતું કે, પોસ્ટમોર્ટમના પ્રાથમિક તારણ મુજબ કુદરતી મોત હોવાની શક્યતા વધુ છે. મૃતદેહ પાસેથી કોઈ ઝેરી દવા મળી નથી, ઉલટીના ચિહ્નો નથી, સુસાઈડ નોટ પણ મળી નથી અને મૃતકનો હાથ છાતી પર હતો, જેથી હૃદયરોગના હુમલાથી મોત થયાનું અનુમાન છે. મૃતદેહની સ્થિતિ પરથી તેમનું મોત ૨ થી ૩ દિવસ પૂર્વે થયું હોવાનું મનાય છે. જોકે, મોતના સચોટ કારણ માટે વિસેરા સેમ્પલ મેળવી એફએસએલ (FSL) તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે.

# મહુવામાં જૂની વાતનું મનદુઃખ રાખી યુવાન પર છરીથી હુમલો

## પેટના ભાગે ઘા ઝીંકી જાનથી મારી નાખવાની ધમકી,પોલીસ ફરિયાદ નોંધાવાઈ

ભાવનગર,તા.૨૬

મહુવા શહેરના ગાંધીબાગ ચોક નજીક આવેલા શૌચાલય પાસે અગાઉની બોલાચાલીની દાઝ રાખી એક યુવાન પર છરી વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. કન્સ્ટ્રક્શનનો ધંધો કરતા શૈલેશભાઈ પ્રમજીભાઈ ચૌહાણ (ઉ.વ.૪૬, રહે. સ્નેહીદીપ સોસાયટી, સ્વામિનારાયણ ચોક, મહુવા) પર હરેશભાઈ ભીખાભાઈ ચૌહાણ નામના શખ્સે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

ઘટનાની વિગતો મુજબ, ગત સાંજે શૈલેશભાઈ પોતાના ઘરેથી ગામમાં જવા નીકળ્યા હતા અને ગાંધીબાગ પાસે શૌચાલયમાં ગયા હતા. પરત ફરતી વખતે હરેશભાઈ ભીખાભાઈ ચૌહાણે પોતાનું ટુ-વ્હીલર લઈને આવીને તેમની સાથે ગાળાગાળી શરૂ કરી હતી. શૈલેશભાઈએ ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાયેલા હરેશભાઈએ ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી કરી હતી. દરમિયાન બચાવ કરવા આવેલા લોકો વચ્ચે હુમલાખોરે પોતાના હાથમાં રહેલી છરી વડે શૈલેશભાઈના પેટના ભાગે ઘા ઝીંકી દીધો હતો અને "તને જોઈ લઈશ" તેવી ધમકી આપી નાસી છૂટ્યા હતા.આ અગાઉ આરોપીને સામે જોવા બાબતે થયેલી માથાકૂટની દાઝ રાખીને આ ગુનો આચરવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. બનાવ બાદ લોહીલુહાણ હાલતમાં રહેલા શૈલેશભાઈને ખાનગી વાહનમાં મહુવા જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.બનાવ અંગે મહુવા પોલીસે ભોગ બનનારની ફરિયાદના આધારે હરેશભાઈ ભીખાભાઈ ચૌહાણ વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગારિયાધારમાં રૂ.૬ લાખનો બેનામી ફટાકડાનો જથ્થો સળગાવી દઈ તંત્ર દ્વારા નાશ કરાયો

## ગત વર્ષે સીઝ કરાયેલા ૨૩૨ બોક્સ ફટાકડાનો માનવ વસાહતથી દૂર સુરક્ષિત રીતે નાશ કરાયો



ભાવનગર,તા.૨૬

ગારિયાધારના વિરડી રોડ પર આવેલ દિનેશ વાલાણીના ગોડાઉનમાંથી ગત વર્ષે મામલતદાર ભાવેશસિંહ ઝાલાના સ્ટાફે ગેરકાયદે સંગ્રહાયેલો ૬ લાખની કિંમતનો ૨૩૨ બોક્સ ફટાકડાનો જથ્થો જપ્ત કર્યો હતો, જેનો તાજેતરમાં સફળતાપૂર્વક નાશ કરવામાં આવ્યો છે.

આ જપ્ત કરેલો વિસ્ફોટક માલ બોલેરો, આઈસર અને યુટિલિટી ગાડીઓ મારફતે પરવડી સ્થિત રેવન્યુ સર્વે નંબર ૮૨૮ વાળી રાતી તલાવડી જમીન પર પહોંચાડવામાં આવ્યો હતો. ત્યાં વડોદરાના 'નાયબ કંટ્રોલર ઓફ એક્સપ્લોઝિવ્સ' (PESO)ના નિષ્ણાત અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિમાં ફટાકડા પર ડીઝલનો છંટકાવ કરી નિયમાનુસાર સળગાવી દેવાયા હતા. સુરક્ષા ખાતર આ કામગીરી માનવ વસાહત તેમજ વીજળી કે ગેસ લાઈનથી ૨ કિમી દૂર ખુલ્લા વિસ્તારમાં કરાઈ હતી. જથ્થો નષ્ટ થયા બાદ ખાલી ગોડાઉનનો કબજો પંચોની હાજરીમાં માલિકને સોંપાયો હતો.

# મહુવા નાગરિક સહકારી બેંકની ચૂંટણીમાં ભાજપના બે જૂથો વચ્ચે ખરાખરીનો જંગ

## પૂર્વ મંત્રી આર.સી. મકવાણા અને ધારાસભ્ય શિવા ગોહિલ સમર્થિત પેનલો આમને-સામને; ૯,૭૦૧ સભાસદો ૩૧ ઉમેદવારોનું ભવિષ્ય નક્કી કરશે




ભાવનગર,તા.૨૬

ભાવનગર જિલ્લાના મહુવા પંથકની આર્થિક કરોડરજ્જુ સમાન મહુવા નાગરિક સહકારી બેંકની સત્તા મેળવવા માટે સહકારી રાજકારણ ગરમાયું છે, જ્યાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી જાહેર થતાં જ ભાજપ પ્રેરિત બે જૂથો આમને-સામને આવી ગયા છે.

સામાન્ય રીતે સહકારી બેંકોમાં બિનહરીફ વરણીના પ્રયાસો થતા હોય છે, પરંતુ અહી સત્તા અને પ્રભાવ જાળવી રાખવા પક્ષના જ આંતરિક જૂથો મેદાનમાં ઉતરતા જંગ વ્યક્તિગત પ્રતિષ્ઠાનો બની ગયો છે. આ ચૂંટણીમાં પૂર્વ મંત્રી આર.સી. મકવાણાના સમર્થનથી ભરતભાઈ ઠાકરની પેનલ જૂના વહીવટ અને અનુભવના આધારે ચૂંટણી લડી રહી છે.જ્યારે વર્તમાન ધારાસભ્ય શિવાભાઈ ગોહિલના આશીર્વાદથી બીપીનભાઈ સંઘવીની પેનલ પારદર્શિતા અને સુધારાના મુદ્દા સાથે પ્રચાર ચલાવી રહી છે. બંને પક્ષોએ સત્તાવાર ઉમેદવારી નોંધાવી દેતાં હવે સમાધાનની શક્યતાઓ પૂર્ણ થઈ ગઈ છે. આગામી ૨૭ સપ્ટેમ્બરે બેંકના કુલ ૯,૭૦૧ સભાસદો મતદાન કરી ૩૧ દાવેદારોમાંથી પોતાના પ્રતિનિધિઓની પસંદગી કરશે. સ્થાનિક વેપારીઓ અને થાપણદારો સાથે સીધી જોડાયેલી આ બેંકનું પરિણામ જિલ્લાના સહકારી અને સ્થાનિક રાજકીય સમીકરણો પર પણ દૂરગામી અસર છોડશે.

## જાનથી મારી નાખવાની ધમકી આપનાર ૨ શખસો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ

# ગારિયાધારના માંડવી ગામના પ્લોટનો કબજો પચાવી પાડવા જેસીબી ફેરવી નુકસાન પહોંચાડ્યું

ભાવનગર,તા.૨૬

ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકાના માંડવી ગામના મૂળ વતની અને હાલ સુરતના અમરોલી ખાતે માણકી રેસીડેન્સીમાં રહી વેપાર કરતા કમલેશભાઈ ડાયાભાઈ પાલડીયાના માલિકીના પ્લોટ બાબતે અદાવત રાખી જેસીબી વડે પાકી દિવાલ તોડી પાડી ભારે આર્થિક નુકસાન પહોંચાડવા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ બે ઈસમો વિરુદ્ધ ગારિયાધાર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

બનાવની વિગત અનુસાર, માંડવી ગામે કમલેશભાઈનો ૩૩૪.૪૫ ચો.મી.નો ગામતળ પ્લોટ આવેલો છે. તેની બાજુમાં રહેતા કલ્યાણભાઈ કરમશીભાઈ બેલડીયા પ્લોટનો કબજો મેળવવા માટે છેલ્લા એક વર્ષથી દબાણ કરતા હતા. દરમિયાન ગત તા. ૨૨-૮-૨૬ના રોજ રાત્રે કમલેશભાઈ સુરત ખાતે હતા ત્યારે તેમણે પ્લોટ પર લગાવેલા સીસીટીવી કેમેરાનું લાઈવ ફૂટેજ મોબાઈલમાં ચેક કરતા, એક જેસીબી મશીન પ્લોટની ત્રણેય બાજુની પાકી દિવાલ તોડી રહ્યું હોવાનું નજરે પડ્યું હતું.

તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે કલ્યાણભાઈ બેલડીયા તથા ગોરખભાઈ નાનુભાઈ ડેરે સાથે મળીને જેસીબીથી દિવાલ તોડી પાડી હતી. ગોરખભાઈએ અગાઉ પણ કમલેશભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. કમલેશભાઈની ફરિયાદના આધારે ગારિયાધાર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સુરતના વેપારીએ મોબાઈલમાં સીસીટીવી લાઈવ જોતાં જેસીબીથી દિવાલ તોડાતી હોવાનું દેખાયું

# બુધેલ હાઈવે પર આવેલી હોટલના રેસ્ટોરન્ટ કિચનમાં આગનો બનાવ

## કાળિયાબીડ ફાયર ટીમે ઘટનાસ્થળે પહોંચી આગ પર મેળવ્યો કાબૂ; સિલિન્ડરો સતવરે સુરક્ષિત બહાર કઢાતાં મોટી જાનહાનિ ટળી



ભાવનગર,તા.૨૬

ભાવનગર નજીક બુધેલ હાઈવે પર સ્થિત 'U.K. Beans Café & Restaurant' માં સવારે આગ લાગવાની ઘટના સામે આવી હતી. ૧૧૨ ઈમરજન્સી કંટ્રોલરૂમ મારફતે જયદીપભાઈ દ્વારા આ અંગે જાણ કરવામાં આવતાં કાળિયાબીડ ફાયર સ્ટેશનની ટીમે તાત્કાલિક ફાયર ફાઈટર સાથે ઘટનાસ્થળે દોડી જઈ રાહત કામગીરી શરૂ કરી હતી.

તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે આગ રેસ્ટોરન્ટના કિચન વિસ્તારમાં લાગી હતી, જેણે જોતજોતામાં ફ્રિજ, ગેસ સિલિન્ડર અને અન્ય સાધન-સામગ્રીને ઝપેટમાં લઈ લીધા હતા. ફાયર ફાઈટર ટીમે ત્વરિત કાર્યવાહી કરી પાણીનો મારો ચલાવી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. ઉપરાંત કિચનમાં રહેલા ગેસ સિલિન્ડરોને સુરક્ષિત રીતે બહાર કાઢી જરૂરી કૂલિંગ પ્રક્રિયા હાથ ધરી હતી. ફાયર ટીમની સતર્કતાને કારણે કોઈ જાનહાનિ થઈ નહોતી.

# રેલવે સ્ટેશન પરથી વિદેશી દારૂના એક ક્વાર્ટર સાથે શખ્સ ઝડપાયો

ભાવનગર,તા.૨૬

ભાવનગર રેલવે પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા રેલવે સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબિશન અને જુગારની પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા માટે સઘન પેટ્રોલિંગ અને વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૨ ના છેડેથી એક શખ્સ શંકાસ્પદ હાલતમાં મળી આવતા પોલીસે તેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની વિગતો મુજબ, ભાવનગર રેલવે પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો રેલવે સ્ટેશન અને પ્લેટફોર્મ પર પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન પ્લેટફોર્મ નંબર-૨ ના છેડે એક ઈસમ શંકાસ્પદ હાલતમાં જણાતા તેને રોકીને પૂછપરછ કરવામાં આવી હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં તે ઈસમ એકદમ ગભરાઈ ગયો હતો, જેથી તેના ટ્રેક પેન્ટના ખિસ્સાની શંકાના આધારે તપાસ કરતા વિદેશી દારૂનું પ્લાસ્ટિકનું ક્વાર્ટર મળી આવ્યું હતું. પોલીસે પંચોની હાજરીમાં આરોપીનું નામ-ઠામ પૂછતાં તેણે પોતાનું નામ વિકીભાઈ અશોકભાઈ નૈયા (ઉ.વ.૨૮, રહે. હાદાનગર, સત્યનારાયણ સોસાયટી-૨, અક્ષયપાર્કના નાળા પાસે, ભાવનગર) હોવાનું જણાવ્યું હતું. તેના પેન્ટના ખિસ્સામાંથી મહારાષ્ટ્ર રાજ્યમાં વેચાણ માટેની કિંમત રૂપિયા ૧૫૦/- ની કિંમતનું "GOLD MEDAL JAMUN MINT VODKA" લખેલું ૧૮૦ એમ.એલ. નું વિદેશી દારૂનું પ્લાસ્ટિકનું ક્વાર્ટર કબ્જે કરવામાં આવ્યું હતું. આરોપી પાસે આ અંગે કોઈ પણ પ્રકારની પાસ-પરમિટ કે આધાર પુરાવા ન હોવાનું જણાઈ આવ્યું હતું.

## પ્લેટફોર્મ નંબર-૨ ના છેડેથી શંકાસ્પદ હાલતમાં ઝડપાયેલા વિકી નૈયા પાસેથી ૧૫૦ રૂપિયાની કિંમતનું વિદેશી દારૂનું પ્લાસ્ટિકનું ક્વાર્ટર કબ્જે

શ્રાદ્ધ નિમીત્તે
દૂધપાક
બાસુંદી, અંગુર રબડી
શુદ્ધ ઘીના ચુરમાના લાડુ
(ગોળ ના પણ) તથા
ખમણ,ખાંડવી તથા ઈદડા
દાસ પેંડાવાળા ®
ખારગેટ • કાળાનાળા • શાસ્ત્રીનગર
ક્રેસન્ટ • વડોદરીયા પાર્ક
VIVEK